ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪

સ્ટાર દમ



# કરીનાનો કરિશ્મા બાકી છે હજુ

કરીના હજુ પણ એવી સ્ટાર એક્ટ્રેસ છે કે જેની ફિલ્મ રજૂ થાય તો થિયેટરમાં પ્રેક્ષકો આવી શકે. આમ તો કરીના એક નહીં કાજોલ કે ઐશ્વર્યાનું પણ નામ લઈ શકાય અને માધુરીનું નામ ઉમેરો તો તેના ચાહકો રાજી થઈ શકે. તેની ધ બકીંગહામ મર્ડર્સ ફિલ્મ રજૂ થઈ રહી છે. હંસલને આ ફિલ્મ માટે કરીનાનો જ આગ્રહ હતો અને નિર્માત્રી એકતા કપૂર આ આગ્રહને માન્ય રાખતી હતી. આ ફિલ્મ અહીં રજૂ થાય તે પહેલાં લંડન પછી મુંબઈ ફિલ્મોત્સવમાં રજૂ થઈ ત્યારે પણ તેણે પ્રેક્ષકોને ખુશ કરેલા. આ એક રહસ્યસભર થ્રિલર છે. કરીના એકતા કપૂર સાથે ફિલ્મનું નિર્માણ કર્યું હોય તો કહી શકાય કે તેને આ ફિલ્મમાં ખૂબ રસ હતો. આ વર્ષે કરીનાની ક્રૂ રજૂ થઈ ચુકી છે અને સફળ પણ થઈ હતી હવે ધ બકીંગહામ મર્ડર્સની ડિટેક્ટિવ જીસપ્રીત ભામરા તરીકે શું કરે તેની રાહ જોવાય રહી છે. ક્રુમાં તેનું નામ જસ્મિન કોહલી હતું અને ધ બકીંગહામ મર્ડર્સમાં પણ પાત્રરાશી જાળવી રાખી છે.

કરીનાની છેલ્લે ખૂબ સફળ ફિલ્મ ગુડ ન્યૂઝ હતી અને ત્યાર પછી અંગ્રેજી મીડિયમનો પણ સ્વીકાર થયેલો. હા, લાલસિંહ ચઢ્ઢાના ચડાણમાં તે ફાવી નહોતી અને જાને જામાં પણ કોઈની જાને જા બની શકી નહોતી પણ કરીનાની કારકિર્દી હવે એવા તબક્કે જેમાં તેણે કશું પુરવાર ન કરવાનું હોય. તે 43 વર્ષની થઈ છે. જેમ હેમા માલિની, રેખા સમય સુધી આકર્ષક રહી તેમ કરીના પણ રહી છે. આ કારણે જ તેની પાસે ધ બકીંગહામ મર્ડર્સ પછી મેઘના ગુલઝાર લિખીત-દિગ્દર્શીત દાયરા છે. અશ્વિની ઐયર તિવારી દિગ્દર્શીત એક ફિલ્મ છે. રોહિત શેટ્ટીને હંમેશા કરીનાનો આગ્રહ હોય છે અને સિંઘમ અગેઈનમાં કરીના છે.

> હંસલ મહેતા જેવા દિગ્દર્શક સાથે કામ કરીને કરીના ખુશ છે. તેને લાગે છે કે સારી કથા, પટકથા, સારા પાત્ર અને સારા દિગ્દર્શકથી જ અભિનયમાં નવું ઉમેરાતું હોય છે. કરીના ફિલ્મનાં નિર્માણમાં પડતી નથી

આ 21મી સપ્ટેમ્બરે 44માં વર્ષમાં પ્રવેશનારી કરીનાનું સૈફ અલી ખાન સાથેનું લગ્નજીવન હવે 13 વર્ષનું થયું છે. આ દરમિયાન સૈફ બદલાયો છે. બાકી તેની ચર્ચા કોઈને કોઈ સ્ત્રી સાથે થતી હતી. કરીનાએ લગ્ન પછી સૈફને જ નહીં તેના કુટુંબને પણ સંભાળ્યું છે. કરીનાના માતા-પિતા બબીતા, રણધીરનું લગ્નજીવન વર્ષો ડિસ્ટર્બ રહ્યું. કરીનાની બહેન કરિશમાનું લગ્જીવન પણ તૂટી ગયું. સૈફ પણ તૂટેલા લગ્નજીવન પછી સ્થિરતા ઈચ્છતો હતો. કરીના હજુ પરદા પર ફ્રેશ લાગે છે તે પોતાની રીતે નિર્ણય લેનારી છે પણ એ નિર્ણયોથી બીજાને મુશ્કેલીમાં નથી મુક્યા. હા, શાહિદને જરૂર થતું હશે કે કરીના સાથે રિલેશન ન રહ્યા પણ ફિલ્મોમાં તો એવું બને છે.

હંસલ મહેતા જેવા દિગ્દર્શક સાથે કામ કરીને કરીના ખુશ છે. તેને લાગે છે કે સારી કથા, પટકથા, સારા પાત્ર અને સારા દિગ્દર્શકથી જ અભિનયમાં નવું ઉમેરાતું હોય છે. કરીના ફિલ્મનાં નિર્માણમાં પડતી નથી પણ આ વખતે પહેલીવાર તે નિર્માત્રી બની છે. આ ફિલ્મ ઈંગ્લિશ અને હિન્દીમાં બની છે અને 80 ટકા ડાયલોગ ઈંગ્લિશમાં છે. પ્રેક્ષકોને ગમશે ખરું. કરીના કહે છે કે ફિલ્મ એવી બની છે કે પ્રેક્ષકો થિયેટરમાં જકડાઈને રહેશે. ચલો ઠીક છે, એક ઔર ફિલ્મ કરીના કે નામ. ●



‘બીજો અમિતાભ હવે કોઈ નહીં બને,’

# રણબીર કપૂર પણ નહીં



‘રણબીર કપૂર અમિતાભ બચ્ચન જેવો સુપરસ્ટાર ન બની શકે ભલે તે ‘એનિમલ’માં એન્ગ્રી યંગમેન બન્યો હોય.’ આ કહેવું છે જાવેદ અખ્તરનું. એ તો હકીકત છે કે અમિતાભ બચ્ચન જેવું સ્ટારડમ તો અત્યારનાં સ્ટાર્સમાંથી કોઈ મેળવી શકે તેમ નથી. જાવેદ અખ્તરતો એમ પણ કહે છે કે રણબીર માટે હું ફિલ્મ પણ લખવા તૈયાર છું પણ અમિતાભની સફળતા તેના સમયને પણ કારણરૂપ હતી. અત્યારે એંગ્રી યંગમેનનો સમય નથી રહ્યો.

રણબીર કપૂર એક ખૂબ સારો અભિનેતા છે અને સુપરસ્ટાર બનવાની ઘણી ક્વોલિટી ધરાવે છે પણ અત્યારે એ સમય નથી કે તે અમિતાભ બચ્ચન બની શકે. રણબીર કપૂર સ્ટાર છે પણ મહાન સ્ટાર થવું તેના વશની વાત નથી બાકી તે ‘તુ જૂઠી મેં મક્કાર’, ‘બ્રહ્માસ્ત્ર’, ‘શમશેરા’ અને ‘એનિમલ’માં તે સફળ રહ્યો છે. દરેક પ્રકારની ભૂમિકામાં તે ઢળી શકે છે. ‘સંજુ’ફિલ્મમાં તે સંજય દત્ત તરીકે ખૂબ જામ્યો હતો. રણબીરની સૌથી સારી વાત એ છે કે તે પોતાના વિશે ખોટા દાવાઓ નથી કરતો. કામને જ તે મહત્ત્વ આપે છે. તે નિષ્ફળતાથી પણ ડરી જતો નથી અને એવું સમજે છે કે ફિલ્મના બિઝનેસમાં ફિલ્મ નિષ્ફળ જવાથી કશું પૂરું થતું નથી. કપૂર પરિવારની એક લાંબી પરંપરા છે અને તેમાંથી તે આ શીખ્યો છે.

તે બરાબર સમજે છે કે કેવા પ્રકારની ફિલ્મોમાં કામ કરવું જોઈએ. એકદમ ક્રિયેટિવ અને કમર્શીઅલ બંને પ્રકારના દિગ્દર્શક સાથે તે કામ કરે છે. સંજય લીલા ભણશાલી, ઈમ્તિયાઝ અલીની સમાંતરે તે તેના મિત્ર અયાન મુખરજી માટે કામ કરે છે. રાજકુમાર હીરાની સાથે પણ તે એ જ રીતે કામ કરે છે. લવ રંજન જેવા દિગ્દર્શક સાથે ‘તું જૂઠી મેં મક્કાર’ને સફળ બનાવી છે.

અત્યારે તે નિતેશ તિવારી સાથે ‘રામાયણ’જેવી ફિલ્મમાં કામ કરે છે અને ‘બ્રહ્માસ્ત્ર’થી અલગ આ પણ એક સુપર હીરો ફિલ્મ ગણાવી શકાય. એ ફિલ્મમાં તો તેના સહઅભિનેતા તરીકે પણ સની દેઓલ, યશ જેવા સ્ટાર છે. હિન્દી અને સાઉથના સ્ટાર્સનું બેસ્ટ કોમ્બિનેશનનો તેમાં પ્રયાસ છે. કારણ કે સીતા તરીકે પણ સાઈ પલ્લવી છે. ‘એનિમલ પાર્ક’માં પણ તે સંદીપરેડ્ડી વાંગાના દિગ્દર્શનમાં કામ કરે છે અને તેમાંય તૃપ્તિ ડીમરી, અનિલ કપૂર, રશ્મિકા મંદાના જેવા સહકલાકારો છે. રણબીર એવો સ્ટાર બની ચુક્યો છે કે તેના સહકલાકારો પણ હવે સ્ટાર જ હોય. સંજય લીલા ભણશાલી તો ‘લવ એન્ડ વૉર’માં તેને આલિયા ભટ્ટ, વિકી કૌશલ તેની સાથે છે. એ ફિલ્મમાં તે ‘સંગમ’ના રાજકપૂરની એટલે કે દાદાએ ભજવેલી ભૂમિકામાં છે. ત્રીજી પેઢીએ
ફ ૨ ૧

લાઈમ લાઈટ

એક યાદગાર ફિલ્મ અને તેના પાત્રોનું સ્મરણ આ ફિલ્મથી જાગશે. રણબીર માપમાં જ ફિલ્મો સ્વીકારે છે. અક્ષયકુમારની જેમ ઘણી બધી ફિલ્મો સ્વીકારવાનું તેનું વલણ છે. આનું કારણ એ જ કે તેને પોતાની પર પૂરતો ભરોસો છે અને જુગારની જેમ મળતી સફળતામાં માનતો નથી આ એક મેચ્યોર સ્ટારનો એટિટ્યૂડ છે. તે પોતાની સાથે કામ કરતી અભિનેત્રી બાબતે પણ ખોટા વલણ નથી રાખતો. શ્રધ્ધા કપૂર ઘણો સમયથી નિષ્ફળ જતી હતી પણ તેની સાથે ‘તું જૂઠી મેં મક્કાર’કરી અને સફળતા મેળવી હવે ફરી અનુરાગ બસુની ફિલ્મમાં તેઓ સાથે છે. ફિલ્મજગતમાં લંબી રેસના ઘોડા આવા જ હોય છે. પણ હા, અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટાર થવાનું બધાનાં નસીબમાં નથી હોતું. ●

# સાઉથની કિર્થીને હિન્દીમાં કિર્તી મળશે ?

સાઉથની અભિનેત્રી હિન્દી ફિલ્મનો ભાગ બને ત્યારે એક એવી અપેક્ષા રહેતી હોય છે કે તે શ્રીદેવી પૂરવાર થશે યા તાપસી પન્નું જેવી કમાલ કરશે. કિર્તી સુરેશ વિશે શું એવી અપેક્ષા રાખી શકાય? ભલે સાઉથની ફિલ્મોમાં તે સ્ટાર છે પણ અહીં નવી કસોટી છે. આ કસોટી ત્યારે વધુ સરળ બનતી હોય છે જો મોટા બેનર અને ટોપ સ્ટાર સાથે ફિલ્મ મળે. કિર્તી સુરેશ (સાઉથમાં કિર્થી) અત્યારે સુરજ બડજાત્યાની ‘પ્રેમ કી શાદી’માં સલમાન ખાનની હીરોઈન તરીકે કામ કરી રહી છે. સુરત બડજાત્યાએ ભાગ્યશ્રીને અને માધુરી દિક્ષીતને ઊંચા આસમાનનો પરિચય કરાવેલો. બડજાત્યા હંમેશા અભિનેત્રીને ખૂબસૂરત રીતે રજૂ કરવાનું જાણે છે અને ફિલ્મ જ્યારે રોમેન્ટિક હોય ત્યારે તો આખો અસબાલ જૂદો હોય છે. સલમાનને લઈને ઘણા વર્ષ પછી બડજાત્યા ફિલ્મ બનાવે છે તો તેમાં કિર્તીની કિર્તી વધે એ પુરી શક્યતા છે.

કિર્તી સુરેશ હમણાં ‘કલ્કી 2898 એડી’માં હતી પણ ફક્ત અવાજ તરીકે જ હતી પણ તે સાઉથની મોટી ફિલ્મોનો લોકપ્રિય ચહેરો છે. ગયા વર્ષે જ તે ચિરંજીવી સાથે ‘ભોલા શંકર’માં આવી ‘દસારા’માં તે નાન્ની સાથે હતી. ‘મામન્ન’માં તેણે પ્રેક્ષકોને ઘેલા કરેલા. વિત્યા 23 વર્ષથી તે સાઉથમાં જામેલી છે હવે તે પોતાને હિન્દી ફિલ્મોમાં જોવા માગે છે તેની ‘બેબી જ્હોન’ નામની ફિલ્મ પણ સલમાન ખાન સાથે જ છે અને તેમાં વરુણ ધવન પણ છે. સલમાન ફરી પોતાના સ્ટારડમનાં ઝંડા લહેરાવવા માંગે છે એટલે આ ફિલ્મનું કામ ચૂપચાપ આગળ વધી રહ્યું છે. તેને મન તો કિર્તી સુરેશ કદાચ કેટરીના કૈફના વિકલ્પ તરીકે હશે.

કિર્તી પાસે ‘અક્કા’ નામની એક વેબસિરીઝ પણ છે અને તે તેણે એટલે જ પસંદ કરી છે કે પોતાની ટેલેન્ટને વધારે સારી રીતે દર્શાવી શકે. આ સિરીઝ જોકે આવતા વર્ષે રજૂ થવાની છે પણ મૂળ વાત તો એજ કે તે હિન્દીના પ્રેક્ષકોમાં પોતાની જગ્યા બનાવવા ઉત્સુક છે. બાકી તેની પાસે સાઉથની ‘જાનકી રામ’, ‘રિવોલ્વોર રીટા’, ‘કન્નીવેદી’, ‘ઉપ્પુ કપ્પુરંબુ’, ‘રેન્ડુ જેલ્લા સીતા’ તો છે જ. હિન્દીમાં કામ કરવા માટે સાઉથનું કામ છોડવું તો ન જ પોષાય. ત્યાં સૌથી વધારે ફી મેળવતી અભિનેત્રી તરીકે તે ચર્ચાતી રહે છે. તમિલ, તેલુગુ, મલયાલમ ફિલ્મોમાં તેની બોલબોલા છે. જે ‘બેબી જ્હોન’ ફિલ્મ આવી રહી છે તે પણ તમિલ ફિલ્મ ‘થેરી’ની જ રિમેક છે. ચેન્નઈમાં જન્મેલી કિર્તીના પિતા જી.સુરેશકુમાર મલયાલી ફિલ્મમેકર છે અને તેની માતા મેમકા પણ તમિલ મૂળની અભિનેત્રી છે. કિર્થી ઘણી પ્રતિભાશાળી ગણાય છે. અભિનય ઉપરાંત તે સારી વાયોલીન વાદક પણ છે અને ફેશન ડિઝાઈનર તો છે જ. અત્યારે 31 વર્ષની કિર્તી હજુ પરણી નથી કારણકે તે આગળની કારકિર્દી બાબતે સભાન છે. ‘બેબી જ્હોન’ 25મી ડિસેમ્બરે રજૂ થવાની છે. સાઉથની સ્ટાર શું હિન્દી ફિલ્મની
સ્ટાર
પણ બનશે? હમણાં રશ્મિકા મંદાના પર બધાની નજર છે શું એ નજર કિર્તી પર પણ પડશે. ●

ગ્લેમર

